સંશોધન નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધી: સિકયુરીટી કમિટીની તા.૦૫/૧૦/૨૦૧૯ની બેઠકની કાર્યનોંધ

# પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીનાં તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વિવિધ કોલેજો / વિભાગો / કેન્દ્રો ખાતે સિકયુરીટી ગાર્ડની હાજરી બાબતે બાયોમેટ્રીક મશીન મુકવામાં આવેલ છે. અત્રેની કચેરીના ધ્યાનમાં આવ્યા અનુસાર બાયોમેટ્રીક મશીનમાં આવેલ સીમકાર્ડનું યોગ્ય સમયે વિભાગો /કોલેજો / કેન્દ્રો દ્વારા રીચાર્જ કરવામાં આવતું ન હોઇ કનેકટીવીટી બંધ થઇ જાય છે. જેથી જે કોઇ પણ કોલેજો / વિભાગો / કેન્દ્રો ખાતે બાયોમેટ્રીક મશીન કોઇ પણ કારણોસર બંધ હોઇ તો તેને તાત્કાલિક ચાલુ કરવું તથા સીમકાર્ડનું રીચાર્જ કરવામાં આવેલ ન હોઇ તો તાત્કાલિક રીચાર્જ કરવા જણાવવામાં આવે છે. ઉપરોકત બાબતે કોઇ મુશ્કેલી સર્જાય તો નિયામકશ્રી (આઇ.ટી)ની કચેરીની મદદ લેવી. વધુમાં, સદર મશીન બંધ છે કે ચાલુ તેની માહિતી દર ત્રણ મહિનાના અંતે (માર્ચ, જુન, સપ્ટેમ્બર, ડીસેમ્બર) અત્રેની કચેરીને અંવશ્ય મોકલી આપવા જણાવવામાં આવે છે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૭૫૮૭ /૨૦૧૯
તા.૨૦ /૧૧/૨૦૧૯

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>

1. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ.
2. નિયામકશ્રી (આઇ.ટી), આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
3. આણંદ કૃષિ યુનિવર્સિટી તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.